# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૨૯/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)
——————————————————————————————————

## સિંગાપોરથી સુરત સીધી ફલાઇટ માટે સિંગાપોરના મંત્રીને ચેમ્બરની રજૂઆત

સુરતઃ કોન્ફીડરેશન ઓફ ઇન્ડીયન ઈન્ડસ્ટ્રી (સી.આઇ.આઇ.), ઇન્સ્ટીટ્યુટ ઓફ સાઉથ એશિયન સ્ટડીઝ (આઇ.એસ.એ.એસ.), નેશનલ યુનિવર્સિટી ઓફ સિંગાપોર અને અનંતા આસ્પેન સેન્ટર દ્વારા સંયુકતપણે મુંબઇ ખાતે તા. ૨૮ ઓગષ્ટ ૨૦૧૯ના રોજ ‘સિંગાપોર સિમ્પોઝીયમ ૨૦૧૯’નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયા અને ભુતપુર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતા ઉપસ્થિત રહયા હતા અને ચેમ્બરનું પ્રતિનિધીત્વ કર્યુ હતુ.

સિંગાપોરના હોમ અફેર્સ એન્ડ લોના મંત્રી શ્રી કે. શાનમુગમ સંબોધનમાં ભારત સાથે પોતાના વ્યાપારીક વ્યવહાર સંબંધો સુધારવા માટે સિંગાપોરની પહેલનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે વિશ્વ ક્ષેત્રે રાજનીતિક અને વેપાર આલમમાં નીતિ વિષયક ફેરફારોનો ઉલ્લેખ કરી ભારત, ચાઇના, યુ.એસ.એ. અને અન્ય દેશોને પડતી અસરોની ઉપર વિસ્તારપૂર્વક માહિતી આપી હતી.

પ્રશ્નોત્તરીના સેશનમાં ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ તેમજ આંતરરાષ્ટ્રીય સંબોધોના સંકલનના વડા શ્રી રોહિત મહેતાએ જણાવ્યુ હતુ કે, ભારત અને સિંગાપોરની સરકારો લાંબાગાળાના વેપારીકરણનો વ્યાપ વધારવા માટે બંને સરકાર ભારતમાં ટુ ટાયર અને થ્રી ટાયર દરજ્જો ધરાવતા અનેકવિધ શહેરોને વિમાની સેવાથી જોડવા માટે વાટાઘાટો શરૂ કરવી જોઇએ. આ એવા શહેરો છે કે જયાં પ્રગતિ ખૂબ ઝડપી રીતે થઇ રહી છે. સીધી વિમાની સેવાથી લોકો એકબીજાના સંપર્કમાં આવશે અને તેનાથી વેપાર ધંધો વધવાની શકયતા રહેશે. મંત્રીશ્રીએ આ સૂચનનો આવકાર કર્યો હતો પરંતુ એમ જણાવ્યુ હતુ કે આ બંને સરકારના સંકલનથી જ શકય બનશે. તેમના તરફથી સિંગાપોરની સરકાર આ દિશામાં આગળ વધવા માટે તૈયાર છે તેમ જણાવ્યુ હતુ.